

# વિસ્તરણ

**ઑક્ટોબર ૨૦૧૩ - માર્ચ ૨૦૧૪**

વિસ્તરણ કાર્યક્રમ વિભાગ, શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, ગોકલનગર, કરમસદ - ૩૮૮ ૩૨૫



શ્રી કૃષ્ણ હૉસ્પિટલ

# વિસ્તરણ

ઑક્ટોબર ૨૦૧૩-માર્ચ ૨૦૧૪ • સળંગ અંક : ૭-૮

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ

**મુખ્ય કાર્યાલયઃ**
વિસ્તરણ કાર્યક્રમ વિભાગ
શ્રી કૃષ્ણ હૉસ્પિટલ
ગોકલનગર, કરમસદ - ૩૮૮ ૩૨૫
ફોનઃ ૦૨૬૯૨ - ૨૨૮૩૬૭, ૨૨૮૩૬૨

**વિસ્તરણ કાર્યક્રમ ટીમ**
ડૉ. શ્યામસુંદર જે. રાયઠઠા – *ઈન્ચાર્જ*
ડૉ. જયપ્રકાશ મહેતા – *એક્ઝીક્યુટીવ*
શ્રી રવિ રાજ – *એક્ઝીક્યુટીવ*
કુ. શાંતિ ગુપ્તા – *એક્ઝીક્યુટીવ*
શ્રી આઈ.એફ. મનસુરી – *સોશ્યલ વર્કર*
શ્રીમતિ પ્રિયંકા પટેલ – *સોશ્યલ વર્કર*
શ્રી હિમાલય પટેલ – *ફાર્મસીસ્ટ*
કુ. રીના પટેલ – *કો-ઑર્ડિનેટર*
*શ્રીમતિ જ્યોત્સના પટેલ – ફિલ્ડ સુપરવાઈઝર*
*શ્રીમતિ મીનાક્ષી પટેલ – ફિલ્ડ સુપરવાઈઝર*
*શ્રીમતિ ચેતના દવે – ફિલ્ડ સુપરવાઈઝર*

**પ્રકાશકઃ**
શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ

**માહિતી સંપાદનઃ**
કૉર્પોરેટ કૉમ્યુનિકેશન વિભાગ
શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ

**વિસ્તરણ કેન્દ્રોઃ**

**અગાસ સ્ટેશન (બોરીયા) ગ્રામ આરોગ્ય મંડળ, બોરીયા**
જી. આણંદ
ફોનઃ (૦૨૬૯૨) ૨૮૧૮૬૭

**ભાદરણ આરોગ્ય ટ્રસ્ટ હૉસ્પિટલ**
શંભુપ્રસાદ બોર્ડિંગ હાઉસ, બસસ્ટેન્ડ સામે, ભાદરણ
ફોનઃ (૦૨૬૯૬) ૨૮૮૧૮૮

**પેટલાદ નગરપાલિકા હૉસ્પિટલ**
વસંત કુઈ, હનુમાન ફળિયું, પેટલાદ
ફોનઃ (૦૨૬૯૭) ૨૨૨૪૭૫

**સોનાબા હૉસ્પિટલ તથા સદાબા પ્રસુતિ ગૃહ**
એ.સી.સી. ગેટ પાસે, મુ. સેવાલીયા, તા. ઠાસરા
ફોનઃ (૦૨૬૯૯) ૨૩૪૨૯૨, ૨૩૩૨૯૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાન નં |
|---|---|---|
| ૧ | વિભાગીય પ્રવૃત્તિઓ | ૩ |
| ૨ | મોંઢા તથા ગળાનું કેન્સર - પરિચય | ૭ |
| ૪ | આરોગ્ય સંજીવની | ૯ |
| ૫ | વિસ્તરણ કેન્દ્રો ખાતે સારવાર લીધેલ દર્દીઓની વિગત | ૧૦ |


**સંપાદકીય...**

વ્હાલા વાચક મિત્રો,

સેવાલીયા વિસ્તરણ કેન્દ્રના નવીનીકરણ અને ઉદ્‌ઘાટન પછી ઘણી બધી સેવાઓનો ઉમેરો કરવામાં આવ્યો અને તે ખૂબ જ ઝડપી ગતિએ વિકાસ કરી રહ્યું છે. વધુથી વધુ લોકોને સેવા પહોંચાડવા માટે સેવાલીયા વિસ્તરણ કેન્દ્ર, સોનાબા હૉસ્પિટલનો સમય સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦ થી વધારીને સવારે ૯.૦૦ થી રાત્રિના ૮.૦૦ વાગ્યા સુધીનો કરી દેવામાં આવ્યો છે. તદુપરાંત હૉસ્પિટલમાં જન્મ આપનાર માતા અને તેના બાળકને સ્વાસ્થ્ય સેવા પૂરી પાડવા માટે રમાબેન જે. પટેલ અને તેમના કુટુંબના સહયોગથી ''માતૃકૃપા'' નામની યોજના પણ શરૂ કરવામાં આવેલ છે. આ હૉસ્પિટલની સેવાઓ ગામડાઓ સુધી પહોંચાડવા માટે દસ ગામડાંઓમાં એક ગ્રામ્ય આરોગ્ય કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. જેના ભાગ રૂપે ગ્રામ્ય સ્તરે પાયાની આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવશે. જાન્યુઆરી, ૨૦૧૪માં સેવાલીયાની આસપાસના વિસ્તારમાં કામ કરતાં તબીબો માટે એક સેમિનાર (વિચાર વિમર્શન) નું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૪૭ ડૉક્ટરોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત આણંદ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્ર ખાતે એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાંત રોગ અને ચામડીના રોગની તકલીફો માટે સારવાર આપવામાં આવી હતી. જેનો ઉલ્લેખ પણ આ અંકમાં કરવામાં આવેલ છે.

ચારુતર આરોગ્ય મંડળ છેલ્લા કેટલાક વર્ષોથી કેન્સર નામની ખતરનાક અને જીવલેણ બીમારી સામે લડત આપી રહ્યું છે. આ લડતના ભાગરૂપે ગ્રામ્ય સ્તરે કેન્સર વિશે જાગૃતિ ફેલાવવા માટે એક દાયકાથી પણ વધારે સમયથી ત્રિભુવનદાસ ફાઉન્ડેશન નામની સંસ્થાના સંયોજનથી કેન્સર જાગૃતતા કાર્યક્રમ ચલાવવામાં આવતો હતો. આ કાર્યક્રમમાં કેટલોક ફેરફાર કરીને એક નવો કાર્યક્રમ બનાવવામાં આવ્યો. જેનું નામ ''કેન્સર નિવારણ અને સંભાળ કાર્યક્રમ'' આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમના મુખ્ય ત્રણ હેતુઓ હશે. જેમાં કેન્સરની બીમારીને અટકાવવી, કેન્સરનું વહેલું નિદાન કરવું અને કેન્સરના છેલ્લા તબક્કાથી પીડાતા દર્દીઓને ઉપશામક સારવાર આપવી. આ કાર્યક્રમની શરૂઆત ૧ ફેબ્રુઆરી, ૨૦૧૪થી કરવામાં આવેલ છે. અને ત્રણ વર્ષ સુધી આ કાર્યક્રમને ચલાવવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત કેટલીક તૈયારીઓ શરૂ કરાવમાં આવેલ છે જેનું વિવરણ આ અંકમાં કરેલ છે. આ કાર્યક્રમને આર્થિક સહાય સર દોરાબજી ટાટા ટ્રસ્ટ નામની સંસ્થા દ્વારા કરવામાં આવશે.

**ડૉ. શ્યામસુંદર જે. રાયઠઠ્ઠા,**
વિસ્તરણ કાર્યક્રમ વિભાગ, શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, ચારુતર આરોગ્ય મંડળ,
કરમસદ, ફોન. ૦૨૬૯૨ - ૨૨૮૩૬૭

## વિભાગીય પ્રવૃત્તિઓ :

### ★ પેટલાદ હૉસ્પિટલની સુવિધાઓઃ

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ સંચાલિત પેટલાદ હૉસ્પિટલ ખાતે નવેમ્બર ૨૦૧૩ થી બાળરોગ નિષ્ણાંતની વિઝિટ દર બુધવારે શરૂ કરવામાં આવેલ છે. આમ બાળકોને થતા રોગોનું નિદાન અને સારવારની સેવાઓ પેટલાદ હૉસ્પિટલ ખાતે જ આપવામાં આવે છે. વધુમાં ચામડી રોગના નિષ્ણાત હૉસ્પિટલમાં અઠવાડિયામાં દર ગુરુવારે સેવાઓ આપતા હતા જેમાં વધારો કરીને આ સેવાઓ અઠવાડિયામાં બે વખત સોમવાર અને ગુરુવારે શરૂ કરવામાં આવેલ છે.

### ★ સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિ ગૃહ ખાતે સી.એમ.ઈ. સેમિનાર યોજાયોઃ



શ્રી કૃષ્ણ હૉસ્પિટલ સંચાલિત, સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિગૃહ, સેવાલીયા ખાતે ૧૩ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ સી. એમ.ઈ. - કન્ટીન્યુઈંગ મેડિકલ ઍજ્યુકેશન સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ સેવાલીયા તથા તેની આસપાસના વિસ્તારોના તબીબોને એક જ પ્લેટફોર્મ હેઠળ તબીબી ક્ષેત્રમાં વિવિધ વિકસિત વિસ્તારમાં આવેલ બદલાવ અને આધુનિકરણ વિશે વિચારોની આપ-લે કરવાની તક પૂરી પાડવાનો હતો. આ સેમિનારમાં શ્રી કૃષ્ણ હૉસ્પિટલના રેડિયોલોજી વિભાગના પ્રોફેસર અને હેડ તરીકે ફરજ બજાવતા ડૉ. રાયચૌધરીએ "રોલ ઑફ સોનોગ્રાફી ઈન ઑપરેશનલ પ્રેક્ટીસ" વિષય પર, સેવાલીયા ખાતેની સોનાબા હૉસ્પિટલમાં વિઝિટિંગ ડૉક્ટર તરીકે ફરજ બજાવતા ડૉ. વિમલ પટેલ (એમ.ડી.)એ "મેનેજમેન્ટ ઑફ ચેસ્ટ પેઈન ઈન જનરલ પ્રેક્ટિસ" વિષય પર તથા સેવાલીયા ખાતેની સોનાબા હૉસ્પિટલમાં ફુલટાઈમ ગાયનેકોલોજીસ્ટ તરીકે ફરજ બજાવતા ડૉ. કૃનાલ ઝવેરી દ્વારા "હાઈરીસ્ક પ્રેગનન્સી" વિષે વિચારોની આપ-લે કરી હતી. આ સેમિનારમાં ૪૭ જેટલા ડૉક્ટરોએ હાજરી આપી હતી. કાર્યક્રમ દરમ્યાન હાજર રહેલ ડૉક્ટરોએ સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિ ગૃહ ખાતે ઉપલબ્ધ સુવિધાઓ વિશે જાણકારી પ્રાપ્ત કરી હતી. અને આ સેવાઓનો લાભ લેવા માટે દર્દીઓને તજજ્ઞ સેવા માટે રીફર કરવાનું જણાવ્યું હતું.

### ★ સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિગૃહ સેવાલીયા ખાતે જનરલ ઓ.પી.ડી.નો સમય લંબાવવામાં આવ્યોઃ

**સદાબા પ્રસુતિ ગૃહમાં પ્રસુતિ કરાવનાર માતા અને તેના બાળકને માતૃ કૃપા સુરક્ષા હેઠળ આવરી લેવાશે.**

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ સંચાલિત સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિગૃહ ખાતે તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૪થી જનરલ ઓ. પી.ડી.ની સેવાઓને સમય લંબાવીને સાંજના ૫.૦૦ થી ૮.૦૦ વાગ્યા સુધીનો કરવામાં આવ્યો છે. આ સમય દરમ્યાન હૉસ્પિટલની ફાર્મસી (દવાઓ), લૅબોરેટરી અને એક્સ-રેની સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

બાળક અને માતા મૃત્યુદર ઘટાડવાના ઉદ્દેશથી ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને દવાખાનામાં પ્રસુતિ કરવા માટે પ્રોત્સાહન આપવા માટે સદાબા પ્રસુતિગૃહમાં પ્રસુતિ કરાવનાર માતા અને તેના બાળકને માતૃકૃપા સ્વાસ્થ્ય સુરક્ષા હેઠળ આવરી લેવામાં આવશે. જેમાં માતા અને બાળક બંનેને વ્યક્તિગત રીતે રૂા. ૫,૦૦૦ સુધીનું સ્વાસ્થ્ય સુરક્ષા યોજનાનું કવચ મળશે. જેમાં માતાનું રૂા. ૫,૦૦૦ના સ્વાસ્થ્ય સુરક્ષા યોજનાનું વાર્ષિક પ્રથમ પ્રિમિયમ રૂા. ૯૯ અને બાળકનું રૂા. ૫,૦૦૦ના સ્વાસ્થ્ય સુરક્ષા યોજનાનું વાર્ષિક પ્રથમ પ્રિમિયમ રૂા. ૯૦ સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિ ગૃહ તરફથી આપવામાં આવશે. આ સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ હૉસ્પિટલની સુવિધાઓનો લાભ માતાને એક માસ બાદ અને બાળકને ત્રણ માસ બાદ પ્રાપ્ત થશે. જેમાં આ યોજના અંતર્ગત સામાન્ય બીમારીમાં હૉસ્પિટલમાં દાખલ થવાનો ખર્ચ, અકસ્માતથી થતો ખર્ચ, પ્રથમ બે જીવીત બાળકો સુધી સાદી અને ઑપરેશનથી થતી સુવાવડનો ખર્ચ, ગંભીર બીમારીમાં પ્રથમ વખતના નિદાનની સારવારનો ખર્ચનું વળતર પ્રાપ્ત થશે.

### ★ સેવાલીયાની આસપાસના ગામોમાં આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે ગ્રામ્ય આરોગ્ય કાર્યકર બહેનોને તાલીમ આપવામાં આવીઃ

સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિ ગૃહની સેવાઓ આસપાસના ગામડાઓ સુધી પહોંચાડવા માટે ગ્રામ્ય આરોગ્ય કાર્યક્રમની રચના કરવામાં આવેલ છે. જેમાં શરૂઆતના તબક્કે સેવાલીયાની આસપાસના દસ ગામડાઓમાં આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ હાથ



ધરવામાં આવનાર છે. આ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય આરોગ્ય બહેનો થકી વિવિધ સેવાઓમાં સામાન્ય બીમારીઓમાં રાહતદરે સારવાર, કૃપા આરોગ્ય સુરક્ષા યોજનાઓમાં જોડાવાની સુવિધા, આરોગ્યને લગતી ઉત્તમ કક્ષાની વસ્તુઓ જેમ કે, દવાઓ, સેનેટરી નેપકીન્સ, લીમડાનો સાબુ અને અન્ય વસ્તુઓનું વેચાણ તથા આરોગ્યને લગતી સાચી અને સચોટ માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

આ કાર્યક્રમનું ઔપચારિક ઉદ્‌ઘાટન તા. ૨ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ ૧૦.૦૦ કલાકે સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિગૃહ ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં દસ ગામના સરપંચો, ઉપસરપંચો, ડેરીના ચૅરમેન અને સેક્રેટરી ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોક્ત મહેમાનોની હાજરીમાં આ કાર્યક્રમ દરમ્યાન સોનાબા હૉસ્પિટલ ખાતે કઈ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે તેવી વિગતે ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમ્યાન ગામના અગ્રણીઓની હાજરી અને સાથ-સહકાર બદલ સંસ્થાએ આભાર વ્યક્ત કર્યો હતો.

નિમણૂંક થયેલ ગ્રામ્ય સ્વાસ્થ્ય સહાયિકા બહેનોને તા. ૩ અને ૬ જાન્યુઆરી ૨૦૧૪ દરમ્યાન બે દિવસીય તાલીમ આપવામાં આવી હતી. જેમાં તેઓની કાર્યભૂમિકા, સેનેટરી નેપકીનનો ઉપયોગ અને મહત્ત્વ, કામ કરવાની પ્રેરણા અને ઉત્સુકતા તથા ગામોનો સર્વે કેવી રીતે કરવો તે અંગે વિગતવાર તાલીમ આપવામાં આવી હતી.

## ★ વિસ્તરણ કાર્યક્રમ હેઠળ આણંદ જિલ્લાના દત્તક લીધેલ ૨૬ ગામોમાં મૌખિક શબપરિક્ષણ કરવા માટે ફિલ્ડ સુપરવાઈઝરને તાલીમ અપાઈઃ

વિસ્તરણ કાર્યક્રમ વિભાગ દ્વારા આરોગ્યલક્ષી કામો, વિભાગે દત્તક લીધેલ આણંદ જીલ્લાના ૨૬ ગામોમાં કરવામાં આવી રહેલ છે. વિભાગ દ્વારા ગામડાંઓમાં મૌખિક શબપરિક્ષણ (વર્બલ ઑટોપ્સી) પણ શરૂ કરવામાં આવશે. જેમાં જાન્યુઆરી ૨૦૧૩ થી થયેલા તમામ મૃત્યુની નોંધણી ગ્રામ્ય સ્વાસ્થ્ય સહાયિકા પાસે હોવાથી, એવા ઘરોની મુલાકાત ફિલ્ડ સુપરવાઈઝર દ્વારા કરવામાં આવશે અને મૃત્યુનું મૌખિક પરિક્ષણ પણ કરવામાં આવશે. મૌખિક પરિક્ષણ કરવા માટે કૉમ્યુનિટી મેડિસીન વિભાગના ડૉક્ટરો દ્વારા હાલમાં ફિલ્ડ સુપરવાઈઝરને બે દિવસીય તાલીમ આપવામાં આવી હતી. જેમાં પ્રથમ દિવસે ફિલ્ડ સુપરવાઈઝરને મૃત્યુના કારણ જાણવા માટે, તૈયાર કરેલ ફોર્મ પ્રમાણે માહિતી કેવી રીતે એકઠી કરવી તે સમજાવવામાં આવ્યું હતું. જ્યારે બીજા દિવસે પ્રેક્ટિકલી સિંહોલ ગામમાં ચાર મૃત્યુના કેસોનું પરિક્ષણ કેવી રીતે કરવું તે સમજાવવામાં આવ્યું હતું. ગામમાં પ્રેક્ટિકલ શબ પરિક્ષણ કર્યા બાદ તમામ કેસની તકલીફોની ચર્ચા એકબીજા સાથે કરીને એમાં જરૂરી સુધારા કરી મૌખિક શબપરીક્ષણની તાલીમ આપવામાં આવી હતી.

ગામોમાં મૌખિક શબપરીક્ષણ કરીને એકઠી કરાયેલી માહિતીનો ઉપયોગ આરોગ્ય વિષય પર નવી નીતિઓ ઘડવા માટે તથા મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે મદદરૂપ થાય તેમ છે. જેના થકી ગામોમાં મૃત્યુની સંખ્યામાં વધારે મૃત્યુ કયા રોગથી થાય છે તે પણ જાણવામાં આવશે.

## ★ ભાદરણ આરોગ્ય કેન્દ્ર ખાતે સ્ત્રી રોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાયોઃ

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ સંચાલિત ભાદરણ આરોગ્ય ટ્રસ્ટ હૉસ્પિટલ ખાતે સ્વ. પટેલ મણિભાઈ વિઠ્ઠલભાઈ (કાપડીયા), સ્વ. પટેલ હિરાબેન વિઠ્ઠલભાઈ (કાપડીયા), સ્વ. પટેલ હસમુખભાઈ મણીભાઈ (કાપડીયા) ટ્રસ્ટ, તથા સ્વ. અરવિંદભાઈ રતીલાલ પટેલ



પરિવાર તરફથી સ્ત્રી રોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન તા. ૮ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ કરવામાં આવ્યું હતું. આ દિવસે કેમ્પની સાથે શ્રી સાધુરામ રાવજીભાઈ અમીન પરિવાર તરફથી આપેલ સોનોગ્રાફીની સેવાઓનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમ્યાન શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદના સ્ત્રી રોગ નિષ્ણાત ડૉક્ટરે સ્ત્રી રોગને લગતી બીમારીઓ માટે મફત નિદાન અને રાહત દરે સારવારની સેવાઓ આપી હતી. આ ઉપરાંત કેમ્પ દરમ્યાન સોનોગ્રાફી રૂા. ૨૫૦માં અને દવાઓમાં ૫૦ ટકા સુધીની રાહત આપવામાં આવી હતી. આ આયોજિત કેમ્પમાં ૯૮ બહેનોએ લાભ લીધો હતો અને ૬૦ જેટલી સોનોગ્રાફી કરવામાં આવી હતી.

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ ભાદરણ આરોગ્ય ટ્રસ્ટની સુવિધાઓને સુધારવામાં મદદ કરતા ટ્રસ્ટીઓ, અગ્રણીઓ અને સ્વયંસેવકોનો આભાર માને છે અને ભવિષ્યમાં પણ સાથ સહકારની અપેક્ષા રાખે છે.

### ★ કેન્સર નિવારણ અને સંભાળ કાર્યક્રમ હેઠળ ગાના ખાતે આરોગ્ય શિબિર યોજાઈ:

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ દ્વારા ઑરિયેન્ટલ બૅન્ક ઑફ કોમર્સ, ગાનાના સહયોગથી ગાના ટ્રસ્ટ હૉસ્પિટલ ખાતે ૧૯, ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ કેન્સર નિવારણ અને સંભાળ કાર્યક્રમના ભાગરૂપ લોકસમુદાયમાં કૅન્સરની જાગૃતિ ફેલાવાનો હતો જેમાં સ્ત્રી રોગ નિષ્ણાત તથા સામાન્ય મેડિસિન વિભાગની ટીમ દ્વારા શિબિરના લાભાર્થીઓની તબીબી તપાસ કરવામાં આવી હતી. જેમાં દરેક લાભાર્થીઓનું વજન, કદ અને બીમારીની ચકાસણી, જરૂર જણાય તો ડાયાબિટિસનો ટેસ્ટ તથા ૩૫ થી ૬૦ વર્ષની બહેનોના ગર્ભાશયના મુખની અને સ્તનની તપાસ કરવામાં આવી હતી. આ શિબિરમાં ૧૬૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

વધુમાં શિબિર દરમ્યાન વિસ્તરણ કાર્યક્રમ વિભાગની ટીમ અને ઓરિયેન્ટલ બૅન્ક ઑફ કૉમર્સના કર્મચારીઓએ સેવાઓ આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ, ઓરિયેન્ટલ બૅન્ક ઑફ કૉમર્સના મેનેજરશ્રી અને અન્ય કર્મચારીઓનો આભાર માને છે. અને ભવિષ્યમાં આવા વધુ કાર્યક્રમો સંયોજનથી યોજવા માટે સહકારની અપેક્ષા રાખે છે.

### ★ સેવાલીયા ખાતેના કર્મચારીઓનું હીપેટાઈટીસ-બીનું રસીકરણ કરાયું:

હૉસ્પિટલમાં કામ કરતાં કર્મચારીઓ માટે હિપોટાઈટીસની રસી અત્યંત જરૂરી છે. જેથી સ્ટાફના કર્મચારીઓના જોખમો અટકાવવા માટે વિસ્તરણ કાર્યક્રમ વિભાગની પહેલથી સોનાબા હૉસ્પિટલ તથા સદાબા પ્રસુતિગૃહ, સેવાલીયા ખાતેના તમામ કર્મચારીઓને ૫ માર્ચ, ૨૦૧૪ના રોજ હિપેટાઈટીસ-બીનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

### ★ કે.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિયોથેરાપી દ્વારા વિકલાંગોને કેળવણી આપીને સક્ષમ બનાવવા માટે વિશિષ્ટ ક્લબ અને શાળાની શરૂઆત:

ચારુતર આરોગ્ય મંડળની કે.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિયોથેરાપી કૉલેજ દ્વારા વિકલાંગ અસક્ષમ બાળકો અને પુખ્તો માટે એક વિશિષ્ટ "તત્રક્ષમ" ક્લબ અને શાળાનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ ૩૧ માર્ચ, ૨૦૧૪ના રોજ એચ.એમ. પટેલ એકેડેમિક સેન્ટર ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી સંદીપ દેસાઈ, સી.ઈ.ઓ.- ચારુતર આરોગ્ય મંડળ, ડૉ. ઉત્પલા ખારોડ, ડીન - પ્રમુખસ્વામી મેડિકલ કૉલેજ, ડૉ. આર. હરીહરાપ્રકાશ, પ્રિન્સિપલ - કે.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિયોથેરાપી, શ્રી સુરેશ રાજગોપાલન, જનરલ મેનેજર - માનવ સંસાધન વિભાગ, ચારુતર આરોગ્ય મંડળ, શ્રી પી. એન. ગંજુ, એકાઉન્ટ મેનેજર - ચારુતર આરોગ્ય મંડળ હાજર રહ્યા હતા. આ વિશિષ્ટ તત્રક્ષમ ક્લબની સ્થાપના કે.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિયોથેરાપીના વિદ્યાર્થીઓનો ફાળો તથા સમુદાયમાંથી મળેલ દાનની મદદથી કરવામાં આવેલ છે. જેથી આ ક્લબના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં દાતાઓએ પણ હાજરી આપી હતી.

આ ઉદ્‌ઘાટન કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી તથા આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડૉ. હરિહરા પ્રકાશે દાતાઓ અને વિદ્યાર્થીઓના ઉદાર ફાળા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. અને તેઓશ્રીએ રૂા. એક લાખનો ચૅક એકાઉન્ટ મેનેજર, શ્રી પી.એન. ગંજુને અર્પણ કર્યો હતો. આ પ્રસંગે 'ફિઝિયોપ્લસ ૨૦૧૪'ની ઉજવણીની ઝાંખી દર્શાવવામાં આવી હતી. તથા મહેમાનો અને દાતાઓને સ્મૃતિરૂપે સોવિનિયર આપવામાં આવ્યા હતા.

આ ક્લબનું સર્જન કરવાનો વિચાર માત્ર પણ કે.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિયોથેરાપીના વાર્ષિકોત્સવ ફિઝિયોપ્લસ ૨૦૧૪નો વિષય "એબીલીટી બિયોન્ડ ડિસએબીલીટી" પર આધારિત હતો. જેથી આ વિષય આધારિત કાર્યક્રમે વિકલાંગ, અસક્ષમ લોકોના શિક્ષણ અને સશક્તિકરણ જેવા મુખ્ય ધ્યેય સાથે તેમની જરૂરિયાતોને સંતોષી શકે એવી ક્લબનું સર્જન કરવાનો વિચાર ઉદભવ્યો હતો. આ ક્લબની સ્થાપનાનો ઉદ્દેશ અસક્ષમ લોકોને સક્ષમ બનાવવાનો છે. જરૂરિયાતમંદ વિકલાંગોને કેળવણી આપીને સક્ષમ બનાવું તે સમાજનું દાયિત્વ છે. જેથી આવી વ્યક્તિઓને સક્ષમ કરવા માટે સમાનતાની ભાવનાથી સમુદાયના દરેક વ્યક્તિએ જોડાવું જોઈએ. આ ક્લબ અંતર્ગત જરૂરિયાતમંદ વિકલાંગ બાળકો અને પુખ્તોને સમર્થ બનાવવા માટે તત્રક્ષમ ક્લબની સ્થાપના કરવામાં આવેલ છે.

વધુમાં કે.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિયોથેરાપી દ્વારા વિકલાંગ બાળકો અને પુખ્તો માટે કૉલેજ ખાતે શાળા શરૂ કરવામાં આવેલ છે. જેમાં વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો અને પુખ્તોને શારીરિક વિકાસ, દૈનિક પ્રક્રિયા, જેવી કે વાંચવા, લખવા, બોલવાની તથા ગણિત ગણવાની પ્રક્રિયાના સમાવેશ સાથે સામાજીક અને કૌટુંબિક વિકાસ, વ્યવસાયિક નિપૂણતા વગેરેની તાલીમ આપવામાં આવે છે. તદુપરાંત દૈનિક ક્રિયા જેવી કે, બ્રશ કરવાનું, કપડાં પહેરવાનું, તૈયાર થવાનું વગેરે પણ શીખવવામાં આવે છે. આ શાળામાં તાલીમ લેવા માટે માસિક રૂા. ૭૦૦ અને દરરોજની રૂા. ૫૦ ની ફી લેવામાં આવે છે. શાળામાં આવતા દરેક વિકલાંગ બાળકની ચકાસણી મનોચિકિત્સક વિભાગના ઈન્ટેલીજન્સ ટેસ્ટ (આઈ.ક્યૂ.) મુજબ કરવામાં આવે છે. અને દરેક બાળકનો વ્યક્તિગત ઍજ્યુકેશન પ્લાન બનાવવામાં આવે છે. ત્યારબાદ વાલી બાળકને શાળામાં દરરોજ લાવવા તૈયાર થાય તો બાળકને દરરોજ એક કલાક તાલીમ આપવામાં આવે છે. બાળક કરમસદથી વધુ દૂર રહેતું હોય તો, વાલીને દરરોજ લાવવામાં તકલીફ

થતી હોય તો વાલી પોતે જ બાળકને કેળવણી આપી શકે તે માટે સંસ્થા દ્વારા પ્લાન બનાવી આપવામાં આવે છે. અને અઠવાડિયા બાદ બાળકને બોલાવીને બાળકમાં આવેલ સકારાત્મક બદલાવ જોવામાં આવે છે.

### ★ વિસ્તરણ કાર્યક્રમ વિભાગની ટીમે સેનેટરી નેપકીન બનાવતી દાહોદ ખાતેના સખી મંડળની મુલાકાત લીધી:



ચારુતર આરોગ્ય મંડળ, કરમસદ દ્વારા વિસ્તરણ કાર્યક્રમ હેઠળ આણંદ જીલ્લાના દત્તક લીધેલ ૨૬ ગામોમાં આરોગ્ય અને સ્વચ્છતા તથા પ્રજનન અંગોની સ્વચ્છતા માટે મહિલાઓ અને કિશોરીઓને સેનેટરી નેપકીનની વહેંચણી કરવામાં આવે છે. વિસ્તરણ કાર્યક્રમ વિભાગની ટીમે દાહોદ જિલ્લાના પીપળીયા ગામમાં આકાર ઈનોવેશન પ્રા.લિ., જયદીપ સખી મંડળ ખાતે શરૂઆત થયેલ સેનેટરી નેપકીન બનાવતા નવા મશીનની મુલાકાત લીધી હતી. આ સેનેટરી નેપકીન ગામની સખી મંડળના સભ્યોની બહેનો દ્વારા જ બનાવવામાં આવે છે. વિસ્તરણ કાર્યક્રમ વિભાગની ટીમે મશીનની સ્થાપનાના પ્રથમ દિવસે જ મુલાકાત લીધી હોવાથી કાચા માલથી માંડીને સેનેટરી પેડ બને ત્યાં સુધીની પ્રક્રિયાનો પ્રાયોગિક અનુભવ લીધો હતો. તથા સખી મંડળની બહેનોને સેનેટરી નેપકીન બનાવવા માટે અપાતી તાલીમમાં પણ ભાગ લીધો હતો.

### ★ સેવાલીયા વિસ્તરણ કેન્દ્ર ખાતે નવી સેવાઓનો ઉમેરો:

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ સંચાલિત સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિ ગૃહ, સેવાલીયા વિસ્તરણ કેન્દ્ર ખાતે ત્રણ નવા ડૉક્ટરોની સેવા શરૂ કરવામાં આવેલ છે. જેમાં સેવાલીયા વિસ્તરણ કેન્દ્ર ખાતે દર ગુરુવારે રેડિયોલૉજીસ્ટ, પીડિયાટ્રીશ્યન (બાળરોગ નિષ્ણાત), જનરલ સર્જનની સેવાઓ ઉપલબ્ધ છે. જેમાં જનરલ સર્જન દર મંગળવારે પોતાની સેવાઓ પૂરી પાડશે. સેવાલીયા વિસ્તરણ કેન્દ્ર ખાતે અદ્યતન સોનોગ્રાફી મશીનની સુવિધા પણ ઉપલબ્ધ છે. આ સુવિધાનો લાભ સગર્ભા બહેનો, સ્ત્રી રોગની તકલીફ ધરાવતા બહેનો, કીડની, લીવર અને સ્વાદપિંડને લગતી બીમારીઓના નિદાન માટે મેળવી શકાય છે. શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદના રેડિયોલૉજી વિભાગના ખૂબજ અનુભવી અને કુશળ વડા સેવાલીયા વિસ્તરણ કેન્દ્ર ખાતે પોતાની સેવાઓ આપશે. તદુપરાંત બાળકોને થતી બીમારીઓ માટે પણ શ્રી કૃષ્ણ હૉસ્પિટલ કરમસદના અનુભવી બાળરોગ નિષ્ણાત પોતાની સેવાઓ આપશે. જયારે જનરલ સર્જન તરીકે ગોધરાના પ્રખ્યાત અને અનુભવી સર્જન ડૉક્ટર કે જેઓ દૂરબીન (લેપ્રોસ્કોપી) વડે ઑપરેશન કરવામાં કુશળ છે, તેઓ પોતાની સેવાઓ આપશે. જેના ભાગરૂપ હરસ, મસા, સારણગાંઠ, એપેન્ડિક્સ, પિત્તાશયની પથરી વગેરે જેવી તકલીફો માટે ઑપરેશનની સુવિધા ઉપલબ્ધ થશે.

### ★ કેન્સર નિવારણ અને સંભાળ કાર્યક્રમ હેઠળ વટાવ ગામની મહિલાઓને સ્ત્રી રોગ સંબંધી તકલીફો અંગે તાલીમ અપાઈ:

કેન્સર નિવારણ અને સંભાળ કાર્યક્રમ હેઠળ વટાવ ગામમાં ૨૪ માર્ચ, ૨૦૧૪ના રોજ કૉમ્યુનિટિ મેડિસીન વિભાગના ડૉ. મનીષા ગોહેલ અને વિસ્તરણ કાર્યક્રમ વિભાગના કાર્યકરોએ મળીને ગામની બહેનો માટે પ્રજનન અંગોની સ્વચ્છતા, માસિકને લગતી માહિતી અને ગેરમાન્યતાઓ વિશે વક્તવ્યનું આયોજન કર્યું હતું. આ વક્તવ્યમાં ગામની બહેનોને માસિકને લગતી તકલીફો વિશે અને



કિશોરાવસ્થાથી માંડીને પુખ્ત વય સુધી શરીરમાં થતા ફેરફારો વિશે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. માસિકની સાથે સાથે ગર્ભાશયને લગતા કેન્સર વિશે તથા ગર્ભાશયના મુખના કેન્સરના લક્ષણો તથા શરૂઆતના લક્ષણોમાં કરવામાં આવતા ટેસ્ટ વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ તબીબી તાલીમની શરૂઆત થતા પહેલાં અને પછી તાલીમાર્થી બહેનોને પ્રશ્નોત્તરી આપવામાં આવી હતી. જેમાં લગભગ બધી જ તાલીમાર્થી બહેનોએ ભાગ લીધો હતો. ભાગ લેનાર બહેનોને અંગત પ્રશ્નો ડૉક્ટરને પૂછીને સલાહ લેવાનો મોકો મળ્યો હતો. બહેનોને તપાસની જરૂર જણાતા ડૉક્ટરે તપાસની પ્રક્રિયા અને પ્રકાર સમજાવ્યા હતા. જેનાથી વટાવ ગામની બહેનો ખૂબજ પ્રસન્ન હતી.

## મોંઢા તથા ગળાનું કેન્સર - પરિચય

**મોંઢા તથા ગળાનું કેન્સર થવાના મુખ્ય કારણો કયા છે.**

મોંઢા તથા ગળાના કેટલાક ભાગના કોષોના અનિયમિત વિકાસને કારણે કેન્સરની ગાંઠ બને છે. આ અનિયમિત વિકાસ રસાયણો - તમાકુ અને દારૂનું સેવન, વારંવાર થતી ઈજા, અયોગ્ય દાંતનું ચોકઠું, તીક્ષ્ણ દાંત, જેવા પરિબળોને લીધે થઈ શકે છે. ખાસ કરીને દારૂનું સેવન, મોંની અસ્વચ્છતા, અને તમાકુનું સેવન કરનાર વ્યક્તિને મોં તથા ગળાનું કેન્સર થવાની સંભાવના વધી જાય છે.

**મોંઢા અને ગળાનું કેન્સર થવાના લક્ષણો કયા છે?**

*લક્ષણો :*

**મોંમા સફેદ અને લાલ ચાંદુ કે ડાઘ :** ગાલની અંદરના ભાગમાં, જીભ પર, પેઢા પર, હોઠ પર કે તાળવા પર સફેદ ડાઘ થવો અથવા ચાંદુ થવું એ મોંઢાના કેન્સરની અગાઉનું એક ખૂબ સામાન્ય લક્ષણ છે. આ ચાંદુ એવું હોય છે કે જેમાં રૂઝ નથી આવતી અને ધીરે ધીરે મોટું થતું જાય છે.

**મોંઢામાં તથા ગળામાં ગાંઠ હોવીઃ** જે સાદી અથવા ઝેરી (કેન્સર) હોઈ શકે છે. ગાંઠ સામાન્ય રીતે દુઃખાવા રહિત હોય છે. પરંતુ તેમની અવગણના કરવી ન જોઈએ, કેમ કે ક્યારેક તે નિયમિત રીતે વધતી રહે છે એ પછી કેન્સરની સારવાર ન થઈ શકે એ તબક્કામાં પ્રવેશી જાય છે.

**મોંઢામાંથી લોહી નીકળવું :** જો કોઈ વ્યક્તિના થૂંક કે ગળફામાં થોડા દિવસો સુધી લોહી દેખાય તો તેણે તાત્કાલિક ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. મોંઢામાંથી લોહી નીકળવાના કેન્સર સિવાય પણ ઘણાં કારણો છે, છતાં કેન્સર પણ એક કારણ હોઈ શકે છે.

**મોં ખોલવામાં તકલીફઃ** ઘણીવાર આખા મોંની અંદર સફેદ ડાઘ થઈ જાય છે અને વ્યક્તિ પોતાનું મોં પૂરેપૂરું ખોલી શકતી નથી. ભારતમાં દર હજારે ૪ વ્યક્તિમાં આ લક્ષણ જોવા મળે છે. તો આ પણ ગંભીર લક્ષણ છે. સામાન્ય રીતે કોઈ પણ માણસનું મોંઢું એટલું ખૂલી શકે છે કે તેમાં ચાર આંગળીઓ જઈ શકે.

**અવાજમાં ફેરફારઃ** સ્વરપેટીના મોટાભાગના કેન્સરમાં અવાજમાં ફેરફાર થાય છે. જો અવાજમાં ફેરફાર બે અઠવાડિયાથી વધુ સમય રહે તો ગંભીર બાબત છે.

**ખોરાક ગળવામાં તકલીફઃ** ગળા તથા અન્નનળીનું કેન્સર કઠણ ખોરાક ગળવામાં તકલીફ ઊભી કરી શકે છે. ક્યારેક પ્રવાહી ખોરાક લેવામાં પણ તકલીફ થાય છે. ખોરાક અટકી જાય છે. ત્યાર પછી એ પેટમાં જાય અથવા તો પાછો આવે છે.

**કાયમી કાનનો દુઃખાવો :** ખોરાક ગળતી વખતે જો કાનમાં કે તેની આજુબાજુ સતત દુઃખાવો રહેતો હોય તો તે ગળામાં ચેપ અથવા ગાંઠ હોવાનું લક્ષણ છે.

*કારણો :*

**તમાકુ :** મોંઢાનું કેન્સર અને કેન્સર પહેલાંના ચિન્હો એવા લોકોમાં જોવા મળ્યા છે કે જેઓ તમાકુનું સેવન કરે છે. એમાંથી મોટા ભાગના લોકોને તમાકુને મોંઢામાં જે બાજુ ભરી રાખે છે તે બાજુ થાયછે. જો રાત્રે સૂતી વખતે તમાકુ મોંઢામાં મૂકી રાખવામાં આવે તો છત્રીસગણું વધારે જોખમ છે. તમાકુના વિવિધ રૂપે સેવન જેવું કે, સિગારેટ, બીડી, પાનમસાલા, ગુટખા, છીંકણી અને તમાકુયુક્ત દંતમંજન વગેરે હાનિકારક નીવડે છે.

**દારૂનું વ્યસનઃ** મોંઢા અને ગળાના કેન્સરનું આ પણ બીજું મુખ્ય કારણ છે. વધારે પ્રમાણમાં અને લાંબા સમય સુધી સેવન કરવાથી શક્યતા વધી જાય છે. તમાકુ અને દારૂના બંનેના સેવનથી તેની ભેગી અસર વધારે થાય છે.

**મોંની અપૂરતી સ્વચ્છતા :** મોંઢાનું ખરાબ સ્વાસ્થ્ય તેમજ અસ્વચ્છ દાંતથી કેન્સરની શક્યતા વધી જાય છે. લાંબા સમયનો ચેપ અને સૂક્ષ્મ જીવાણુંનો વિકાસ મોંઢાની ગાંઠ થવાની શક્યતા છે. તમાકુનું સેવન કરનારા બરાબર મોંઢું સાફ ન કરે તો કેન્સરની શક્યતા વધી જાય છે માટે નિયમિત મોંઢું સાફ કરવું અનિવાર્ય છે.

**ખોટા માપનું દાંતનું ચોકઠું અને તીક્ષ્ણ દાંતઃ** ખોટા માપનું દાંતનું ચોકઠું અને તીક્ષ્ણ દાંત પણ કેન્સર માટે જવાબદાર છે કારણ કે આવા ચોકઠાં કે દાંત કોઈ એક જગ્યા પર વારંવાર ઈજા કરે છે અને ત્યાં રૂઝ પણ આવતી નથી અને તે કેન્સરમાં પરિણમે છે.

**ખાદ્ય પરિબળોઃ** તમાકુ અને દારૂનું સેવન કરનારા પૂરતો ખોરાક ના લે તો કેન્સર થવાની શક્યતા વધારે છે.

*સારવાર :*

**શસ્ત્રક્રિયા :** કેન્સરના શરૂઆતના તબક્કામાં શસ્ત્રક્રિયાથી ગાંઠ કાઢી નાખવામાં આવે છે અને જરૂર પડે તો ગાંઠ જે અંગમાં હોય તેને પણ કાઢી નાખવામાં આવે છે.

**શેક આપવોઃ** આમાં શક્તિશાળી કિરણો શરીરમાં દાખલ કરાય છે. તે કેન્સરના કોષોનો નાશ કરે છે. અને તેની વિકાસ થવાની શક્તિ ઘટાડે છે. થોડા જ કલાકોમાં કોષો વિભાજન પામતા અટકે છે. ડૉક્ટર આ પ્રકારની સારવાર કરાવવાની સલાહ આપે છે કારણ કે આ સારવાર ગાંઠનો નાશ કરે છે, અને કેટલાક પ્રકારના

કેન્સરમાં વ્યક્તિનો અવાજ બદલાતો નથી.

જે કેન્સરની સારવાર શસ્ત્રક્રિયાથી શક્યા ના થાય તેને આ સારવાર અપાય છે. શસ્ત્રક્રિયા પછી ફરીથી ગાંઠનો વિકાસ ન થાય તેના માટે પણ શેકથી સારવાર આપવામાં આવે છે. શેક એક અઠવાડિયામાં પાંચ દિવસ એમ સળંગ પાંચથી છ અઠવાડિયા સુધી આપવામાં આવે છે.

**દવાઓ વડે સારવાર:** આ દવાઓ કેન્સરના કોષોનો નાશ કરે છે. ડૉક્ટર એક અથવા ઘણી બધી દવાઓ આપે છે. ઘણીવાર મોટી ગાંઠમાં શસ્ત્રક્રિયા પહેલા કે શેક પહેલા આ દવાઓ આપવામાં આવે છે જેથી ગાંઠ સંકોચાય છે. જ્યારે કેન્સર શરીરમાં પ્રસરી ગયું હોય ત્યારે પણ દવાઓનો ઉપયોગ થાય છે.


*નિદાન :*

મોંના કેન્સરનું નિદાન કરવાના નીચે મુજબના વિકલ્પો છેઃ

**જાત તપાસ:** જ્યારે માણસ પોતાની જાતે જ પોતાના મોંઢાની તપાસ કરે છે ત્યારે તેનો મોંઢાના કેન્સરના જોખમી લક્ષણો જેમ કે સફેદ ડાઘ અથવા ચાંદુ દેખાય શકે છે. મોંની જાત તપાસ કરવાના પગલા બાજુના ચિત્રમાં દર્શાવવામાં આવ્યા છે. તમાકુનું વ્યસન કરતી કોઈ પણ વ્યક્તિએ આ પ્રમાણે તપાસ દરરોજ કરવી જોઈએ. આ કરવાથી કેન્સરનું વહેલું નિદાન શક્ય બને છે.

**આરોગ્ય કાર્યકર અથવા ડૉક્ટર દ્વારા તપાસ:** જ્યારે કોઈ આરોગ્ય કાર્યકર અથવા ડૉક્ટર તમાકું વ્યસન કરતાં વ્યક્તિના મોંઢાની તપાસ કરે છે ત્યારે તેને કેન્સરના શરૂઆતના લક્ષણો દેખાય શકે છે, જેમ કે, રૂઝ ના આવે તેવું કઠણ ચાંદુ, મોંઢામાં ગાંઠ થવી, મોઢું ના ખૂલવું વગેરે. તદુપરાંત કેન્સરની તકલીફવાળા દર્દીને ભૂખ ઓછી લાગે છે અને વજન ઘટે છે. આવા લક્ષણો હોય તો દર્દીને કેન્સરનું ચોક્કસ નિદાન કરવા માટે મોટા દવાખાનામાં દેખાડવા માટે સલાહ આપવામાં આવે છે.

**ગાંઠ અથવા ચાંદામાંથી ટૂકડાની તપાસ:** આ તપાસ માટે જે જગ્યાએ ગાંઠ હોય છે તે ભાગનો એક નાનો ટૂકડો લેવામાં આવે છે અને લૅબોરેટરીમાં મોકલીને સૂક્ષ્મદર્શક યંત્ર (માઈક્રોસ્કોપ)થી તપાસવામાં આવે છે. આ તપાસથી કેન્સરનું ચોક્કસ નિદાન થઈ શકે છે અને સાથે કેન્સરના પ્રકાર અને ગંભીરતાની ખબર પડે છે. આ તપાસના તારણ ઉપરથી સારવારના પ્રકાર પણ નક્કી કરવામાં આવે છે.




## વિસ્તરણ કેન્દ્રો ખાતે ઓક્ટોબર ૨૦૧૩ થી માર્ચ ૨૦૧૪ માસ દરમિયાન સારવાર લીધેલ બહારના દર્દીઓની વિગતઃ

| વિભાગ | આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઑક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | કુલ |
| મૅડિકલ ઑફિસર | ૮૨૩ | ૬૭૭ | ૭૨૬ | ૬૭૫ | ૬૨૮ | ૭૨૯ | ૪૨૫૮ |
| ડૅન્ટલ | ૫ | ૪ | ૩૦ | ૧૦ | ૯ | ૧૦ | ૬૮ |
| ચામડી | ૨૦ | ૭ | ૪૭ | ૧૨ | ૭ | ૧૫ | ૧૦૮ |
| કુલ | ૮૪૮ | ૬૮૮ | ૮૦૩ | ૬૯૭ | ૬૪૪ | ૭૫૪ | ૪૪૩૪ |

## આરોગ્ય સંજીવની

### ડમરો-મરવો

"ઘરના આંગણામાં હોય જો ડમરો, તો સાપ કદી ન આવે ઘર પાસ" - ચોમાસામાં જ્યારે સાપ નીકળવાની શક્યતા વધુ હોય છે ત્યારે કુદરતની કરામત પણ કેવી કે મનુષ્યના ઘરપાસે સાપ ન આવે તે માટે તીવ્ર સુગંધવાળો છોડ ડમરો ઊગી નીકળે છે. આ વર્ષાયુ જ છોડ છે, એટલે કે વર્ષાઋતુ દરમ્યાન ઊગી નીકળતો છોડ છે. તેના બીજને પ્રથમ વરસાદમાં વાવી દો તો તેની બરાબર કાળજી ન રાખો તો પણ ઊગી નીકળે છે.



સામાન્ય રીતે તુલસી કુળના આ છોડ તેની તીવ્ર સુગંધને કારણે એક સન્માનીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. જો કે તુલસી જેટલું દૈવિક મહત્ત્વ આને આપવામાં નથી આવતું પરંતુ તેની તીવ્ર સુગંધને કારણે મુસ્લિમ સમુદાયના લોકો પણ તેનો ઉપયોગ કરે છે.

ડમરાની તીવ્ર વાસને કારણે જેમ સાપ આપણી પાસે ફરકતો નથી તેમ આ ડમરો સર્પવિષ ઉપર પણ સારું કામ કરે છે. જો કોઈને સાપ કરડ્યો હોય તો તાત્કાલિક ઉપાયમાં આ ડમરો ઉપયોગી થાયછે. તેનો રસ કાઢી સર્પદંશિત વ્યક્તિને પીવડાવવામાં આવે તો વિષાક્ત અસર ઘટી જાય છે. આ ઉપરાંત જો પશુઓને પણ સર્પદંશ થયો હોય અને સવેળા ખ્યાલ આવે તો તુર્ત જ ડમરાના પાન ખવડાવવાથી ફાયદો જણાય છે.

ડમરો તેના શીતળ ગુણને કારણે ગરમીના રોગો જેવા કે દાહ, તૃષા - જેવા રોગોમાં ખૂબ જ ઉપયોગી થાય છે.

ડમરાના પાન પાણીમાં આખી રાત પલાળી રાખીને સવારે જે નીતારેલ પાણી કાઢી લઈએ તેને "મરાની ફાંટ" કહેવાય. આ ફાંટમાં ઠંડકનો ગુણ વધારે હોય છે તેથી જ્યારે તાવ આવતો હો ત્યારે તે આવવાથી તાવ ઉતરી જાય છે.

આ ઉપરાંત આ ફાંટના શિતળતા ગુણને કારણે અનિંદ્રા જેવા રોગોમાં પણ તે કામ કરે છે અને નિંદ્રા લાવે છે.

આ ફાંટ સ્ત્રીઓને જો માસિક ધર્મ વખતે જો ઓછું માસિક આવતું હોય તો આપવાથી તેમાં સુધારો જણાય છે.

"આ ફાંટના ગુણો ઘણા છે પરંતુ જે વ્યક્તિ તે લેતી હોય તેણે તે પીધા પછી તુર્ત જ દૂધ કે ચા ન પીવી જોઈએ કારણ કે તે પીવાથી તેને ગરમી અને શીળવા (શીતપિત્ત) જેવા ઢીમણાં ચામડી ઉપર ઉપસી આવે છે."

ડમરાના પાન કે જે ગાજરના પાન જેવા હોય છે પરંતુ કદમાં નાના હોય છે તેના પણ ઘણાં ગુણો છે.

ડમરાના પાનનો રસ ચામડીના રોગ જેવા કે ગૂમડા, ખસ કે ખૂજલી વગેરે પર લગાડવામાં આવે તો ફાયદો થાય છે.

ડમરાના પાનનો રસ કાઢી તેના બે કે ત્રણ ટીપાં કાનમાં નાખવાથી, કાનમાંથી પરૂ નીકળતું બંધ થાય છે.

ડમરાના પાન અને ફૂલોનું ચૂર્ણ ખાવાથી પેટમાં વાયુને કારણે જે આફરો ચડ્યો હોય તે મટે છે અને વાયુ નીકળી જાય છે. જેથી વ્યક્તિને પેટમાં ભાર ઘટે છે અને શાંતિ થાય છે.

ડમરાના આખા છોડને બાળીને તેની જે રાખ તૈયાર થાય છે તેને ડમરાનો ક્ષાર કહે છે. આ ક્ષાર થોડી જ માત્રામાં ઘી સાથે લેવાથી છાતીમાં ભરાયેલ કફ છૂટો પડી જાય છે. અને ઉધરસ પણ મટી જાય છે. જેથી શ્વાસ લેવામાં થતી પરેશાની દૂર થાય છે.

**— વૈદ્ય જાગૃતિ કે. ભટ્ટ**

---

### વિસ્તરણ કેન્દ્રો ખાતે ઓક્ટોબર ૨૦૧૩ થી માર્ચ ૨૦૧૪ માસ દરમિયાન સારવાર લીધેલ બહારના દર્દીઓની વિગતઃ

| વિભાગ | અગાસ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઑક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | કુલ |
| ડૅન્ટલ | ૪૧ | ૫૬ | ૪૩ | ૪૦ | ૨૪ | ૫૦ | ૨૫૪ |
| મેડિસિન | ૨૫ | ૨૧ | ૧૩ | ૨૦ | ૧૯ | ૩૩ | ૧૩૧ |
| કસરત | ૨૭૮ | ૧૧૭ | ૧૧૦ | ૯૯ | ૧૭૮ | ૧૭૫ | ૯૫૭ |
| મેડિસિન | ૧૨૭૨ | ૧૦૯૦ | ૮૪૦ | ૯૩૬ | ૧૦૫૦ | ૯૯૩ | ૬૧૮૧ |
| કુલ | ૧૬૧૬ | ૧૨૮૪ | ૧૦૦૬ | ૧૦૯૫ | ૧૨૭૧ | ૧૨૫૧ | ૭૫૨૩ |

## વિસ્તરણ કેન્દ્રો ખાતે ઓક્ટોબર ૨૦૧૩ થી માર્ચ ૨૦૧૪ માસ દરમિયાન સારવાર લીધેલ બહારના દર્દીઓની વિગતઃ

| વિભાગ | સેવાલિયા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઑક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | કુલ |
| મેડિસિન | ૪૬૫ | ૪૦૦ | ૩૯૭ | ૪૭૬ | ૪૩૭ | ૬૩૧ | ૨૮૦૬ |
| ઑર્થોપેડિક | ૧૩૨ | ૬૫ | ૧૪૦ | ૯૯ | ૧૫૩ | ૧૭૩ | ૭૬૨ |
| સર્જરી | - | - | ૭ | ૫૦ | ૪૩ | ૪૩ | ૧૪૩ |
| પિડીયાટ્રીક્સ | - | ૧ | ૨ | ૧૧ | ૯ | ૧૩ | ૩૬ |
| ગાયનેક | ૨૦૧ | ૧૪૨ | ૨૨૬ | ૩૧૭ | ૩૩૧ | ૪૯૧ | ૧૭૦૮ |
| આંખ | ૩૭ | ૧૮ | ૪૬ | ૩૮ | ૨૨ | ૩૬ | ૧૯૭ |
| ચામડી | ૧૧૦ | ૧૦૭ | ૧૬૯ | ૧૩૭ | ૭૫ | ૧૧૩ | ૭૧૧ |
| ડૅન્ટલ | ૪૪ | ૬૯ | ૭૭ | ૭૨ | ૬૧ | ૮૭ | ૪૧૦ |
| કસરત | ૯૭ | ૧૦૬ | ૧૭૫ | ૧૫૮ | ૧૨૦ | ૨૦૦ | ૮૫૬ |
| ટ્રોમા કૅર | ૬૦ | ૪૧ | ૨૬ | ૨૨ | ૪૩ | ૪૦ | ૨૩૨ |
| ફિઝિશ્યન | ૨૧૧ | ૧૪૭ | ૧૪૨ | ૧૫૭ | ૧૮૧ | ૨૧૦ | ૧૦૪૮ |
| કુલ | ૧૩૫૭ | ૧૦૯૬ | ૧૪૦૭ | ૧૫૩૭ | ૧૪૭૫ | ૨૦૩૭ | ૮૯૦૯ |

| વિભાગ | ભાદરણ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઑક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | કુલ |
| દાંત | ૬૯ | ૯૦ | ૮૪ | ૬૬ | ૭૦ | ૯૯ | ૪૭૮ |
| આંખ | ૫૪ | ૭૩ | ૬૯ | ૬૯ | ૭૪ | ૧૦૭ | ૪૪૬ |
| ગાયનેક | ૩૭ | ૧૯ | ૨૧ | ૪૦ | ૩૨ | ૪૯ | ૧૯૮ |
| ચામડી | ૧૨૦ | ૧૪૨ | ૧૦૮ | ૧૨૧ | ૧૧૮ | ૧૬૧ | ૭૭૦ |
| કસરત | ૪૨૬ | ૨૮૮ | ૨૯૪ | ૨૯૬ | ૨૯૩ | ૩૬૨ | ૧૯૫૯ |
| મેડીસીન | ૬૯૬ | ૪૭૧ | ૪૪૬ | ૫૦૬ | ૫૧૬ | ૪૭૫ | ૩૧૧૦ |
| કુલ | ૧૪૦૨ | ૧૦૮૩ | ૧૦૨૨ | ૧૦૯૮ | ૧૧૦૩ | ૧૨૫૩ | ૬૯૬૧ |

| વિભાગ | પેટલાદ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઑક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | કુલ |
| મેડિસિન | ૩૬૭ | ૩૦૭ | ૨૮૮ | ૩૧૪ | ૨૮૪ | ૩૮૦ | ૧૯૪૦ |
| દાંત | ૨૮ | ૩૮ | ૩૨ | ૩૧ | ૨૬ | ૨૮ | ૧૮૩ |
| ગાયનેક | ૧૧૪ | ૭૬ | ૫૯ | ૧૧૨ | ૧૨૪ | ૧૭૧ | ૬૫૬ |
| માનસિક રોગ/પીડિયાટ્રીક | - | ૮ | ૧૩ | ૧૪ | ૧૮ | ૧૯ | ૭૨ |
| ચામડી | ૩૦૬ | ૧૭૩ | ૨૧૯ | ૨૩૮ | ૧૫૨ | ૨૩૭ | ૧૩૨૫ |
| કસરત | ૩૧૭ | ૩૪૨ | ૩૧૫ | ૨૮૦ | ૨૫૪ | ૨૯૯ | ૧૮૦૭ |
| કુલ | ૧૧૩૨ | ૯૪૪ | ૯૨૬ | ૯૮૯ | ૮૫૮ | ૧૧૩૪ | ૫૯૮૩ |

# શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ, ઓ.પી.ડી. સમયપત્રક
## સુપર સ્પેશ્યાલિટી ક્લિનિક

| | |
|---|---|
| ન્યુરોલૉજી | |
| **ડૉ. સોહમ દેસાઈ** | |
| ન્યુરોલૉજી ક્લિનિક | સોમ, બુધ, શુક્ર |
| ખેંચ માટેની ક્લિનિક | મહિનાના ૧ લા અને ૩જા મંગળવારે |
| માથાના રોગો તથા માઈગ્રેઈન માટે ક્લિનિક | મહિનાના ૨જા અને ૪થા મંગળવારે |
| કંપવાના રોગો માટે ક્લિનિક | મહિનાના ૧લા અને ૩જા ગુરુવારે |
| લકવાના રોગો માટે ક્લિનિક | મહિનાના ૨જા અને ૪થા ગુરુવારે |
| ન્યુરો ઍન્ડ સ્પાઈન સર્જરી | |
| **ડૉ. શીબાશિશ ભટ્ટાચાર્જી** | મંગળ, ગુરુ, શુક્ર |
| **ડૉ. પરેશ મોદી** | ગુરુ |
| કાર્ડિયાક સર્જરી | |
| **ડૉ. મનિષ તિવારી** | સોમ થી શનિ |
| ઈન્ટરવૅન્શનલ કાર્ડિયોલૉજી | |
| **ડૉ. સુનિલ થાનવી** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. સુનિલ કર્ણ** | સોમ થી શનિ |
| **ડૉ. કે.કે. ત્રિવેદી** | શનિ |
| પિડિયાટ્રીક કાર્ડિયોલૉજી | |
| **ડૉ. વિશાલ ચાંગેલા** | મંગળ, ગુરુ |
| **ડૉ. દિવ્યેશ સાદળીવાળા** | સોમ થી શનિ |
| પલ્મોનોલૉજી | |
| **ડૉ. મનોજ યાદવ** | શુક્ર |
| વાસ્ક્યુલર સર્જરી | |
| **ડૉ. સુમિત કાપડિયા** | મંગળ |
| **ડૉ. વિજય ઠાકોર** | મહિનાના ૨જા અને ૪થા શુક્રવારે |
| રૅડિયેશન ઑન્કોલૉજી | |
| **ડૉ. શંકર વંગીપૂરમ્** | સોમ થી શનિ |
| **ડૉ. ઋષિ પંચાલ** | સોમ થી શનિ |
| **ડૉ. ઈન્દ્રપ્રીત કૌર** | સોમ થી શનિ |
| મેડિકલ ઑન્કોલૉજી | |
| **ડૉ. સી. હરિથા** | સોમ થી શનિ |
| સર્જીકલ ઑન્કોલૉજી | |
| **ડૉ. રાજીવ ભટ્ટ** | બુધ |
| **ડૉ. ભાવના પરીખ** | સોમ |
| હેડ ઍન્ડ નૅક સર્જીકલ ઑન્કોલૉજી | |
| **ડૉ. ગિરિશ મિશ્રા** | સોમ, શુક્ર |
| યુરો સર્જન | |
| **ડૉ. અમીત ચઢ્ઢા** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. જિગીશ વ્યાસ** | મંગળ, ગુરુ, શનિ |

| | |
|---|---|
| જોઈન્ટ રિપ્લેસમેન્ટ, આર્થ્રોસ્કૉપી ઍન્ડ સ્પાઈન સર્જરી | |
| **ડૉ. અમિત પટેલ** | ગુરુ |
| **ડૉ. મિહિર ધોળકિયા** | સોમ, શુક્ર |
| **ડૉ. સરનજીત સિંઘ** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. વિવેક પટેલ** | મંગળ, ગુરુ, શનિ |
| **ડૉ. કાર્થિક વિશ્વનાથન** | સોમ, બુધ, શુક્ર |
| ડાયાબિટોલૉજી | |
| **ડૉ. જ્યોતિ મન્નારી** | બુધ |
| પિડિયાટ્રીક સર્જરી | |
| **ડૉ. જેયુલ કામદાર** | મંગળ |
| નૅફ્રોલૉજી | |
| **ડૉ. શિશિર ગંગ** | શુક્ર |
| **ડૉ. અનિલ ગંજુ** | ગુરુ |
| ગૅસ્ટ્રોઍન્ટ્રોલૉજી | |
| **ડૉ. ચિરાયુ ચોક્સી** | ગુરુ |
| લૅપ્રોસ્કૉપી ઍન્ડ ઍન્ડોસ્કૉપી | |
| **ડૉ. શિરિષ શ્રીવાસ્તવા** | સોમ, ગુરુ |
| **ડૉ. જીગ્નેશ રાઠોડ** | બુધ, શનિ |
| **ડૉ. અપૂર્વ પટેલ** | મંગળ, શુક્ર |
| લૅપ્રોસ્કૉપી ગાયનેક પ્રોસીજર | |
| **ડૉ. નીતન રાયઠઠ્ઠા** | બુધ |
| **ડૉ. મૈત્રી પટેલ** | મંગળ |
| પ્લાસ્ટિક સર્જરી | |
| **ડૉ. સમીર રાવલ** | મંગળ |
| પેઈન ક્લિનિક | |
| **ડૉ. અલ્પા પટેલ** | સોમ થી શનિ |
| નિયોનેટોલૉજી | |
| **ડૉ. એસ. નિમ્બાલકર** | મંગળ, ગુરુ, શનિ |
| **ડૉ. દિપેન પટેલ** | સોમ, બુધ, શુક્ર |
| ઍડવાન્સડ ડૅન્ટલ સર્જરી | |
| **ડૉ. સ્વાતિ સાઠયે**<br>ઓરલ ઍન્ડ મેક્ષીલો ફેશિયલ સર્જન | સોમ થી શનિ |
| **ડૉ. રોનક પંચાલ** ઓર્થોડોન્ટિસ્ટ | સોમ થી શુક્ર |
| **ડૉ. આલાપ પ્રજાપતિ** પ્રોસ્થોડોન્ટિસ્ટ | મંગળ, ગુરુ, શુક્ર |
| **ડૉ. આંચલ પ્રજાપતિ** પેરિઓડોન્ટિસ્ટ | સોમ, બુધ, ગુરુ, શનિ |

**સંપર્ક : ૦૨૬૯૨ - ૨૨૮૩૦૯/૨૮૮૧૮૮**

# શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ, ઓ.પી.ડી. સમયપત્રક

સમયઃ સોમવારથી શુક્રવાર - સવારે ૯.૦૦ થી ૧.૩૦ અને બપોરે ૩.૦૦ થી ૫.૦૦ • શનિવારે ૯.૦૦ થી ૧.૩૦

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ

| | |
|---|---|
| **મેડિસિન** | |
| ડૉ. જ્યોતિ મન્નારી | સોમ, ગુરુ |
| ડૉ. અલ્પા લેઉઆ | સોમ, ગુરુ, |
| ડૉ. દેવાંગી દેસાઈ | સોમ, ગુરુ |
| ડૉ. ફાલ્ગુની થાનકી | સોમ, ગુરુ |
| ડૉ. હિમાંશુ પંડ્યા | મંગળ, શુક્ર |
| ડૉ. અજય મિશ્રા | મંગળ, શુક્ર |
| ડૉ. નિખિલ દવે | મંગળ, શુક્ર |
| ડૉ. ઝૂબિન | મંગળ, શુક્ર |
| ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ | બુધ, શનિ |
| ડૉ. સંકેત શેઠ | બુધ, શનિ |
| ડૉ. મિહિર | બુધ, શનિ |
| **ચેસ્ટ મેડિસિન** | |
| ડૉ. સતીષ પટેલ | સોમ, બુધ |
| ડૉ. રવિશ ક્ષત્રિય | સોમ, બુધ, ગુરુ, શુક્ર, શનિ |
| ડૉ. રાજીવ પાલીવાલ | મંગળ, ગુરુ |
| ડૉ. નિમીત ખારા | મંગળ થી શનિ |
| **ચામડી રોગ** | |
| ડૉ. રીટા વોરા | સોમ, બુધ, શુક્ર |
| ડૉ. પ્રજ્ઞા નાયર | મંગળ, ગુરુ, શનિ |
| ડૉ. નિશિત | સોમ થી શનિ |
| **માનસિક રોગ** | |
| ડૉ. હિમાંશુ શર્મા | સોમ, મંગળ, ગુરુ |
| ડૉ. જગદીશ વણકર | સોમ, મંગળ, શુક્ર |
| ડૉ. અનુષા પ્રભાકરન | બુધ, શનિ |
| **દાંત રોગ** | |
| ડૉ. સ્વાતિ સાઠયે | સોમ થી શનિ |
| ડૉ. મ્રિના પટેલ | સોમ, મંગળ, બુધ, શુક્ર, શનિ |
| ડૉ. સિન્ધુ ડોડામની | સોમ થી શનિ |
| ડૉ. નિકિતા ગુપ્તા | સોમ થી શુક્ર |
| ડૉ. આલાપ પ્રજાપતિ | સોમ થી શનિ |
| ડૉ. આંચલ પ્રજાપતિ | સોમ, બુધ, ગુરુ,શુક્ર, શનિ |
| ડૉ. ફરહાન ઝુબેરી | મંગળ, બુધ, શુક્ર |
| ડૉ. રોનક પંચાલ | સોમ |
| **સ્ત્રી રોગ** | |
| ડૉ. નીપા મોદી | સોમ, બુધ, શુક્ર |
| ડૉ. નીતિન રાયઠઠ્ઠા | સોમ, બુધ, શુક્ર |
| ડૉ. રાખી પટેલ | સોમ, બુધ, શુક્ર |
| ડૉ. નીલમ પટેલ | સોમ, બુધ, શુક્ર |
| ડૉ. સ્મૃતિ વૈષ્ણવ | મંગળ, ગુરુ, શનિ |
| ડૉ. ચેતના વ્યાસ | મંગળ, ગુરુ, શનિ |
| ડૉ. મૈત્રી પટેલ | મંગળ, ગુરુ, શનિ |
| ડૉ. રૂમી ભટ્ટાચર્જી | મંગળ, ગુરુ, શનિ |
| **બાળ રોગ** | |
| ડૉ. નિખિલ ખારોડ | સોમ, બુધ, શુક્ર |
| ડૉ. પ્રાચી બીજાપુરૈયા | સોમ, બુધ, શુક્ર |
| ડૉ. સોમશેખર નિમ્બાલકર | મંગળ, ગુરુ, શનિ |
| ડૉ. દિવ્યેશ સાદળીવાલા | મંગળ, ગુરુ, શનિ |
| ડૉ. અમીતકુમાર | સોમ, બુધ, શુક્ર |
| ડૉ. ભાનુ દેવપુરા | સોમ, બુધ, શુક્ર |
| ડૉ. કૃતિકા ટંડન | સોમ, બુધ, શુક્ર |
| ડૉ. દિપેન પટેલ | મંગળ, ગુરુ, શનિ |
| ડૉ. રાહુલ ટંડન | મંગળ, ગુરુ, શનિ |
| ડૉ. હરેશ સિંઘલ | મંગળ, ગુરુ, શનિ |
| **સર્જરી** | |
| ડૉ. શિરીષ શ્રીવાસ્તવ | સોમ, ગુરુ |
| ડૉ. ઉમેશ ઘીવાલા | સોમ, ગુરુ |
| ડૉ. જિતેશ દેસાઈ | મંગળ, શુક્ર |
| ડૉ. અપૂર્વ પટેલ | મંગળ, શુક્ર |
| ડૉ. જીગ્નેશ રાઠોડ | બુધ, શનિ |
| ડૉ. મીતલ પટેલ | બુધ, શનિ |
| **હાડકાં રોગ** | |
| ડૉ. કાર્થિક વિશ્વનાથન | સોમ, બુધ, શુક્ર |
| ડૉ. હાર્દિક શેઠ | મંગળ, ગુરુ, શનિ |
| ડૉ. વિવેક પટેલ | મંગળ, ગુરુ, શનિ |
| ડૉ. જીમી ચૉક્સી | સોમ, બુધ, શુક્ર, શનિ |
| ડૉ. સરનજીત સિંગ | સોમ, બુધ, શુક્ર |
| ડૉ. રમેશ પંચાલ | બુધ, શુક્ર |
| **આંખ રોગ** | |
| ડૉ. હર્ષા જાની | સોમ, ગુરુ |
| ડૉ. ચૈતાલી પટેલ | સોમ, ગુરુ |
| ડૉ. સમીર ભાવસાર | મંગળ, શુક્ર |
| ડૉ. દેવેન્દ્ર સક્સેના | બુધ, શનિ |
| **કાન, નાક, ગળુ** | |
| ડૉ. ગિરિશ મિશ્રા | સોમ, શુક્ર |
| ડૉ. સોહિલ વડિયા | સોમ, બુધ, શુક્ર |
| ડૉ. યોજના શર્મા | મંગળ, ગુરુ, શનિ |
| ડૉ. મમતા ચૌધરી | મંગળ, ગુરુ, શનિ |
| ડૉ. નિમેષ પટેલ | મંગળ, બુધ |
| ડૉ. સંતોષ ખન્ના | સોમ, બુધ થી શનિ |
| શ્રી સુનિલ ભટ્ટ (ઑડિયોલૉજીસ્ટ) | મંગળ, શુક્ર |
| શ્રી હેમંત પટેલ (ઑડિયોલૉજીસ્ટ) | ગુરુ |